*This Question Paper contains 8 printed pages*
*(Sections - A, B, C & D)*

Sl.No.

# 13 (G)

**(MARCH/APRIL, 2022)**

---

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

<u>સૂચનાઓ :</u>

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.

2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 53 પ્રશ્નો છે.

3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.

4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.

6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

---

## <u>વિભાગ – A</u> [20]

### (ગદ્ય વિભાગ)

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [3]

| 'અ' (કૃતિ) | 'બ' (કર્તા) |
|---|---|
| 1) જેઠીબાઈ | (અ) પ્રેમજી પટેલ |
| 2) ટિફિન | (બ) રમણભાઈ નીલકંઠ |
| 3) પ્રયાણ | (ક) દુલેરાય કારાણી |
| | (ડ) રવીન્દ્રનાથ ટાગોર |



https://www.gujaratboardonline.com

**બ) i) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

4) વર્ગિસ કુરિયને આણંદનગરને અમૂલ ડેરી દ્વારા ............. સિટીની ઓળખ અપાવી છે.
(મિલ્ક, ગ્રીન, વિદ્યાનગરી)

5) ............ પ્રાણવાયુની ધાર ફૂટે છે.
(અબરખમાંથી, સબરસમાંથી, કમરખમાંથી)

**ii) નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[2]**

6) જર્મની ઉદ્યોગ ધંધાની દષ્ટિએ ઘણો આગળ વધેલો દેશ છે.

7) પેનોરમા પોઈન્ટ પર એક રબડીવાળો બેસે છે.

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

8) 'વહેમ, ઈમ કંઈ સોકરાં જીવે સે?' આ વાક્ય કોણ બોલે છે?

9) હોટલમાં યુવાન દંપતી ભોજન કેટલું મંગાવતા હતા?

10) રોટલા ઘડવાનો અવાજ કઈ તરફથી આવતો હતો?

**ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[4]**

11) દીપક કેવી રીતે ઘવાયો?

12) 'આ રોટલાનું વૈતરું શું કામ?' - લેખકને આ વાક્યનો પ્રત્યુત્તર શો મળે છે?

13) દાનમાં મળેલા પૈસા રમઝુ ગવરીને શા માટે આપી દે છે?

**ઈ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

14) 'પ્રાણનો મિત્ર' પાઠના આધારે બલાઈનો પ્રકૃતિપ્રેમ વર્ણવો.

15) 'નારી શક્તિનું રૂપ એટલે જેઠીબાઈ' - આ વાક્યના આધારે જેઠીબાઈનું પાત્રાલેખન કરો.

16) પારવતીબા એ કાન્તિ અને હિંમતને કેવી કેવી મુશ્કેલીમાં ઉછેર્યા તે પરિસ્થિતિનું વર્ણન કરો.



https://www.gujaratboardonline.com

## વિભાગ - B [20]

### (પદ્ય વિભાગ)

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [3]

| 'અ' (કૃતિ) | 'બ' (સાહિત્ય પ્રકાર) |
|---|---|
| 17) તે બેસે અહીં | (અ) લોકગીત |
| 18) ક્યાં રે વાગી | (બ) ગઝલ |
| 19) હાથ મેળવીએ | (ક) સોનેટ |
| | (ડ) ઊર્મિકાવ્ય |

**બ) i) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [2]

20) કૃષ્ણનાં ............. માત્રથી બધા દુઃખ દૂર થાય છે.

(દર્શન, સ્મરણ, રટણ)

21) હું હાથ લંબાવીને તમારા ........... સુધી પહોંચવા માગું છું.

(ઘર, અંતર, હૃદય)

**ii) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** [2]

22) હાઈકુને 'સત્તરાક્ષર' પણ કહે છે.

23) 'હાથ પોતાનો ય બીજો જાણવા પામે નહિ' આ કાવ્ય-પંક્તિમાં કવિ પ્રગતિની ટોચે પહોંચવાની વાત કરે છે.

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [3]

24) પંખીએ માણસ સામે જોયા પછી શું કર્યું?

25) ગોપીએ કોનો સાથ છોડ્યો?

26) 'હાથમાં ઉષ્મા અને થડકો' કહીને કવિએ ક્યા ભાવને ભેળવવાની વાત કરી છે?



https://www.gujaratboardonline.com

**ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

27) 'મોરલી' કાવ્યના આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

28) 'દીવાનખાનામાં' કાવ્યમાં કવયિત્રી અંતે કેવો મનોભાવ અનુભવે છે.

29) તળાવને કોણ જગાડે છે? કઈ રીતે?

**ઈ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** [6]

30) 'જીવમાં જીવ આવ્યો' - શીર્ષકની યથાર્થતા ચર્ચો.

31) 'ક્યાં રે વાગી' કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

32) 'જીવન અંજલિ થાજો' કાવ્યમાં વર્ણવાયેલી પરોપકારની ભાવનાનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

## <u>વિભાગ – C</u> [16]

### (વ્યાકરણ વિભાગ)

- **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)**

33) નીચેનામાંથી કયો શબ્દ 'સૂર્ય' શબ્દનો સમાનાર્થી નથી? [1]

(A) રવિ

(B) ભાસ્કર

(C) મૈત્રમ

34) નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત છે? [1]

(A) દૂધ – પય, જળ

(B) પારિતોષિક – પુરસ્કાર, ઈનામ

(C) શ્વેત – શ્યામ, ધવલ

35) 'જય' શબ્દનો વિરોધી શબ્દ શોધીને લખો. [1]

(A) પરાજય

(B) અજેય

(C) જીત



https://www.gujaratboardonline.com

36) નીચે આપેલા વિરોધી શબ્દના જોડકાં માંથી ક્યું જોડકું ઉચિત નથી? [1]

(A) સાંજ × સવાર

(B) મેલવું × મૂકવું

(C) મિત્ર × શત્રુ

37) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે? [1]

(A) વિશ્રાંતિ

(B) વિસ્રાંતિ

(C) વીશ્રાંતિ

38) 'મંથન' નામની ફિલ્મને સારો .........મળ્યો. યોગ્ય જોડણી વડે ખાલી જગ્યા પૂરો. [1]

(A) પ્રસાદ https://www.gujaratboardonline.com

(B) પુરસ્કાર

(C) પ્રતિસાદ

39) નીચેનામાંથી ક્યા શબ્દની સંધિ યોગ્ય રીતે છોડેલી છે તે શોધો. [1]

(A) નીરવ – ની + રવ

(B) રવીન્દ્ર – રવ + ઈન્દ્ર

(C) રામાયણ – રામ + અયન

40) નીચે આપેલ સમાસની જોડમાંથી યોગ્ય જોડ શોધો. [1]

(A) કાવ્ય નાયિકા – દ્વંદ્વ

(B) નવરાત્રિ – દ્વિગુ

(C) ચિંતાતુર – મધ્યમપદલોપી



https://www.gujaratboardonline.com

41) 'બાજી બગડી જવી' - રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

42) 'સસ્તુ ભાડું ને સિધ્ધપુરની જાત્રા.' - કહેવત સમજાવો. [1]

43) 'દીપક વડે ફરવા જવાય છે.' - કર્તરિ વાક્ય બનાવો. [1]

44) 'કંચન માસી બોલ્યા.' - ભાવે વાક્ય બનાવો. [1]

45) નીચે આપેલ વાક્યમાં - રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો. 'અંદર ત્રણ રત્નો પડ્યાં હતાં.' [1]

46) નીચેનામાંથી વિકારી વિશેષણ શોધીને લખો. [1]

(A) ઉજ્જડ

(B) સાંકડું

(C) કરુણ

47) 'તારો જીવ કેમ અકળાય છે' યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો. [1]

48) વાક્યમાં નવાઈ, પ્રેમ, નફરત, આશ્ચર્ય કે ધિક્કારની લાગણી દર્શાવવા ક્યું વિરામચિહ્ન વાપરી શકાય? [1]

(A) !

(B) ?

(C) :



https://www.gujaratboardonline.com

## વિભાગ - D [24]

### (અર્થગ્રહણ/લેખન સજ્જતા)

49) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે, પરંતુ પરિ સમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજુ કર્તવ્ય જાત પર કાબુ રાખવાનું છે. જો વિદ્યાર્થી અત્ય, સંકલ્પ કરતો થઈ જાય તો વિશ્વની કોઈપણ તાકાત તેને અટકાવી શકે નહિ. ત્રીજુ કર્તવ્ય સેવાભાવનું છે. સેવા વિના જ્ઞાન નથી. મહાભારતના યજ્ઞપર્વમાં વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુદ્ધિ સંકુચિત ન થવી જોઈએ અને દિલ તથા દિમાગ વિશાળ કરવાં જોઈએ.

50) આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો. [4]

મુદ્દા :- બે મિત્રો - જંગલમાં ફરવા જવું - રીંછનો ભેટો થવો - એક મિત્રનું ઝાડપર ચડી જવું - બીજા મિત્રનું શબની જેમ સૂઈ જવું - રીંછનું તેની પાસે આવવું - સૂંઘીને ચાલ્યા જવું - ઝાડ પરથી મિત્રનું નીચે ઊતરવું - પૂછવું 'રીંછે તને કાનમાં શું કહ્યું?' - ભય વખતે ભાગી જનાર મિત્રોથી ચેતજે - બોધ.

51) તમારી શાળામાં યોજાયેલ 'વૃક્ષારોપણ દિન' નો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. [4]

52) નીચે આપેલી પંક્તિનો વિચાર-વિસ્તાર કરો. [4]

''મને મળી નિષ્ફળતા અનેક,

તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.''

અથવા

''જે જન પામે પૂર્ણતા, તે કદી ન ફૂલાય,

પૂરો ઘટ છલકાય નહિ, અધૂરો ઘટ છલકાય.''



https://www.gujaratboardonline.com

53) ગમે તે એક વિષય પર આપેલ મુદ્દાઓ આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.[8]

<u>નારી તું નારાયણી</u>

મુદ્દાઓઃ - (પ્રસ્તાવના - નારી શબ્દનો અર્થ - ભારતીય નારીનો પરિચય - આદર્શ નારીનો મહિમા - કુટુંબના કેન્દ્ર સ્થાને નારી - જગતમાં નારીનું આગવું યોગદાન - પ્રત્યેક ક્ષેત્રમાં નારી પુરૂપ સમોવડી - નારીનું સન્માન - ઉપસંહાર)

અથવા

<u>પર્યાવરણનું રક્ષણ એ જ જીવંનનું રક્ષણ</u>

મુદ્દાઓઃ - (પ્રસ્તાવના - પર્યાવરણનો અર્થ - પર્યાવરણ જોખમાવાના કારણો - પ્રદૂષણ - પ્રદૂષણની અસરો - પ્રદૂષણ હટાવવા વૃક્ષોનું જતન આબાદ વતન - લોકોમાં પર્યાવરણ જાગરૂકતાની જરૂર - આપણો પ્રયાસ - ઉપસંહાર)

અથવા

<u>ભ્રષ્ટાચાર</u>

મુદ્દાઓઃ - (પ્રસ્તાવના - ભ્રષ્ટાચારનો અર્થ - દરેક ક્ષેત્રમાં જોવા મળતો ભ્રષ્ટાચાર - ભ્રષ્ટાચાર શા માટે? - ભ્રષ્ટાચાર કોણ આચરે? - ભ્રષ્ટાચાર દૂર કરવાના ઉપાયો - ભ્રષ્ટાચાર જાણે આજે શિષ્ટાચાર - ઉપસંહાર)

♦♦♦♦

**https://www.gujaratboardonline.com**
**Whatsapp @ 9300930012**
**Send your old paper & get 10/-**
**अपने पुराने पेपर्स भेजे और 10 रुपये पायें,**
**Paytm or Google Pay से**



https://www.gujaratboardonline.com